॥ શ્રી શાંતિનાથ નમઃ॥ ॥ શ્રી સીમંધરાય નમઃ॥ ॥ શ્રી મહાવીરાય નમઃ॥

શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, વિલેપાર્લે (પ.), મુંબઈ











ક્ષમાવણી પર્વ

રવિવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬

@ParlaJinmandir www.parlajinmandir.org +91 96195 04576

॥ श्री शांतिनाथाय नमः॥ ॥ श्री सीमंधराय नमः॥ ॥ श्री महावीराय नमः॥

श्री सीमंधरस्वामी दिगंबर जिनमंदिर विले पार्ला (प.), मुंबई











क्षमावणी

२७ सितम्बर, २०२६ रविवार

@ParlaJinmandir www.parlajinmandir.org +91 96195 04576



સીમંધર ભગવાન

સીમંધર આતમ-આરામી, ભાગ્યે મળિયા જગવિશરામી;
અંતર આનંદ અતિ પામી, ત્હારું નામ રટું પલપલ સ્વામી. ૧

અનંતકાળે પ્રભુ આવી મળ્યો, મ્હારા મનનો મનોરથ સકળ ફળ્યો,
પ્રભુ શિવરમણીના છો કામી; ત્હારું નામ રટુ પલપલ સ્વામી. ૨

પ્રભુ મહાવિદેહનો તું વાસી, ત્હારા દર્શને પાપ જાવે નાસી,
અક્ષય ગુણગણ રત્નધામી, ત્હારું નામ રટું પલપલ સ્વામી. ૩

એહ જિનવરનો મહિમા મોટો, જેનો જગમાં જડે ન કદી જોટો,
જેના ધ્યાને કોટી શિવગામી, ત્હારું નામ રટું પલપલ સ્વામી. ૪

મ્હારા મનઘરમાં પ્રભુ આવી રહો, પછી ખામી શાની વિભુ મ્હારે કહો,
લહે હર્ષ સેવક અંતરજામી, ત્હારું નામ રટું પલપલ સ્વામી. ૫



શાંતિનાથ અને મહાવીર ભગવાન

વંદન ચોવીસ જિનરાજ, કર્યો મહા ઉપકાર....(૨)...
આદિ જિનેશ્વર ઋષભદેવ, ખોલ્યા મુક્તિ દ્વાર;
અનાદિના અજિત મોહને, જીત્યો અજિતનાથ....વંદન...(૧)

સમ્યક્ ભવન સંભવજી, જન્મ શ્રાવસ્તી ધામ;
ભવ્ય જીવો અભિનંદન કરે, અહો ! પરમ વીતરાગ....વંદન...(૨)

સુમતિદાતા સુમતિ પ્રભુજી, અધિક ગણધર ઝીલે નાદ;
જલકમલવત પદ્મજિનજી, કરાવે ભેદજ્ઞાન...વંદન....(૩)

કાશીજીમાં ચાર કલ્યાણક, સુપાર્શ્વ પ્રભુ છે મહાન;
અષ્ટકર્મ રહિત અષ્ટગુણ સહિત, ચંદ્રપ્રભ નમન હો હજાર....વંદન...(૪)



શાંતિનાથ અને મહાવીર ભગવાન

સુવિધિ મોક્ષની બતાવી, પુષ્પદંત ભગવાન;
શીતલતાના પુંજ પ્રભુજી, આતમ સુખ ભંડાર...વંદન....(૫)

શ્રેયાંસ મુજ અંતર પ્રગટો, થાઉં ભવથી પાર;
દેવો પૂજિત વાસુપૂજ્ય, ન મળે માન કષાય....વંદન....(૬)

વિમલજિન વિમલ પદમાં, બતાવ્યો શુદ્ધ જીવ સાર;
અનંત જિનવર અયોધ્યામાં, ગુણ અપરંપાર....વંદન....(૭)

ધર્મ છે વસ્તુ સ્વભાવ, કહે ધર્મ ભગવાન;
ગજપુરમાં શાંતિનાથજી, બતાવે શાંતિનો માર્ગ....વંદન....(૮)

ષટ ખંડ નવ નિધિ તજીને, થયા કુંથુજિન મહાન;
મોહ અરિનો નાશ કર્યો, છો અરહજી વીતરાગ....વંદન....(૯)



શાંતિનાથ અને મહાવીર ભગવાન

બાલ બ્રહ્મચારી મલ્લિજિનવર, થયો કામ પરાભવ;
મુનિ દશામાં સુવ્રત પામ્યા પરિણતિ જામી નિજમાંય....વંદન...(૧૦)

મિથિલાપુરીમાં નમિપ્રભુજી, નમન વંદન હો હજાર;
બ્રહ્મચર્યના ઉત્કૃષ્ટ પ્રતિક, નેમિ આદર્શ જગમાંય....વંદન...(૧૧)

ઉપસર્ગ વિજેતા પાર્શ્વપ્રભુજી, બતાવે ક્ષમાભાવ;
પુરુષાર્થ પ્રેરક વીર અતિવીર, વર્તે શાસન જયકાર....વંદન...(૧૨)

ચોવીસ જિનવર ભક્તિ કરું છું, થાઉં તુજ સમાન;
ભરત ક્ષેત્રના ભવ્ય જીવોના, વંદન વારંવાર....વંદન...(૧૩)



ભાવી જિનવર શ્રી સૂર્યકીર્તિ નાથ

ભક્તિરસના ભાવભીના એ, ભરભર પ્યાલા પીલો;
સૌ ભરપૂર પ્યાલા પીલો.
સમતાભાવે જિનદરશનના, અમૃતપાન કરી લો;
સૌ અમૃતપાન કરી લો.
કાલ અનાદિના કર્મને છેદી, ક્રોધ માન માયાને ભેદી;
ચિદ્-વિશ્વમાં તત્ત્વજ્ઞાનના, ભાવિ ભગવંત ભજી લો,
સૌ. ભક્તિરસના.
સાગર ખારા સલિલ તુફાની, મળ્યા હવે જિન ખરા સુકાની;
ભવસાગર તરવા જો ચાહો, નૈયા પાર કરી લો,
સૌ. ભક્તિરસના.
રાજપાટ સુખ-સંપદ ત્યાગી, બન્યા સંયમી જિન વીતરાગી;
ત્યાગવૃત્તિના અજોડ મંત્ર એ, ઘટઘટ ધ્યાન ધરી લો,
સૌ. ભક્તિરસના.
આતમ-ધર્મનું મનન કરીને, ભાવે જિન-વચન દિલ ધરીને;
સુર્યકિર્તિ વધાઇ મંગલ થાવે, શિવ-લક્ષ્મી સુખ વરી લો
સૌ. ભક્તિરસના.





જિનવાણી

ધન્ય દિવ્ય વાણી ૐકારને રે,

જેણે પ્રગટ કર્યો આત્મદેવ; જિનવાણી જયવંત ત્રણલોકમાં રે. ૧

સ્યાદ્વાદ-અંકિત શાસ્ત્રો મહા રે, સમયસાર પ્રવચનસાર....જિનવાણી ૨

સર્વાંગેથી દિવ્યધ્વનિ ખીરતી રે, જેમાં આશય અનંત સમાય....જિનવાણી ૩

સુવિમલ વાણી વીતરાગની રે, દર્શાવે શુદ્ધાત્મ સાર....જિનવાણી ૪

શુદ્ધામૃત પૂરિત સરિતા વહે રે, વહે પૂર અનાદિ-અનંત....જિનવાણી ૫

માત રત્નત્રયી દાતાર છો રે, તું છો ભવસાગરની નાવ....જિનવાણી ૬

શિવમાર્ગ-પ્રકાશ ભારતી રે, કરે કેવળજ્ઞાન વિકાસ....જિનવાણી ૭

ખોલ્યાં રહસ્ય જિનવાણી માતનાં રે, ગુરુ કહાન વરતાવે

જયકાર....જિનવાણી ૮



બાહુબલી મુનીન્દ્ર, કુંદકુંદ આચાર્ય

જંગલ વસાવ્યું રે જોગીએ, તજી તનડાની આશજી,
વાત ન ગમે રે આ વિશ્વની, આઠે પહોર ઉદાસજી.

જંગલ. ૧

સેજ પલંગ પર પોઢતાં, મંદિર ઝરૂખા માંયજી;
તેને નહિ તૃણ સાથરો, રહેતા તરુતલ છાંયજી.

જંગલ. ૨

સાલ દુશાલા ઓઢતાં, ઝીણા જરકશી જામજી;
તેણે રે ન રાખ્યું તૃણ વસ્ત્રનું, સહે શિર સીત-ધામજી.

જંગલ. ૩

હાજી કહેતાં હજાર ઉઠતાં, ચાલતાં લશ્કર લાવજી;
તે નર ચાલ્યા રે એકલા, નહિ પેંજાર પાવજી.

જંગલ૦ ૪

બાહુબલી મુનીન્દ્ર, કુંદકુંદ આચાર્ય



ભલો રે ત્યાગ રાજા રામનો, ત્યાગી અનેક નારજી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં દૂરજી.
જંગલ. ૫

ધન્ય ધન્ય શ્રી સુકુમાર મુનિ, ગ્રહ્યું સ્વરૂપ નિર્ગ્રંથજી;
રાજ સાજ સુખ પરિહરી, વેગે ચાલીયા વનજી.
જંગલ. ૬

એ વૈરાગ્યવંતને જાઉં વારણે, બીજા ગયારે અનેકજી;
ધન્ય રે જનો એ અવની વિષે, તેને કરું હું નમનજી.
જંગલ. ૭



પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

સુવર્ણપુરે હતા એક સંત, ભવ્ય સહુ આવે સુણવાને;
અપૂર્વ અલખ કોઈ એણે જગાડ્યો, જગાડ્યા અનેક ભવ્ય જીવ; ભવ્ય.

સોળ કળાએ જ્ઞાનસૂર્ય પ્રકાશ્યો, પ્રકાશ્યો ચૈતન્ય-રાજ; ભવ્ય. ૧
જેની મુદ્રામાં શાંત રસ છવાયો, વાણીમાં અમીરસ ધાર; ભવ્ય. ૨

અંતરપટમાં ગૂઢતા ભરી છે, કળવી મહા મુશ્કેલ; ભવ્ય.
અંતરહૃદયમાં કરુણાનો પિંડ છે, દઢતાનો નહીં પાર. ભવ્ય. ૩

દર્શનથી સત્ રુચિ જાગે છે, વાણીથી અંતર પલટાય. ભવ્ય.
સદગુરુદેવ અમૃત પીરસે છે, સેવક વારી વારી જાય. ભવ્ય. ૪



પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

સિંહ કેસરીના સિંહ નાદેથી, હલાવ્યું છે આખું હિંદ; ભવ્ય
સુવર્ણપુરીમાં નિત્ય ગાજે છે, આત્મ-બંસી કેરા સુર. ભવ્ય. ૫

જ્ઞાતા-અકર્તાનું સ્વરૂપ સમજાવે, સ્વપરનો બતાવે ખરો ભેદ; ભવ્ય.
કલ્પવૃક્ષ અમ આંગણે ફળિયો, આનંદનો નહીં પાર....ભવ્ય. ૬

શ્રી ગુરુદેવની ચરણ સેવાથી, મારું અંતર ઊછળી જાય. ભવ્ય.
તન મન ધન પ્રભુ ચરણે અર્પું, તોયે પૂરું નવ થાય. ભવ્ય. ૭



પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

આવો આવો ભગવતી માત, અમ ઘેર આવો રે;
અમ આતમના આધાર; માત પધારોને. આવો..
*અહો ! જગદંબા અવતાર, અમ ઘેર આવો રે;
મહા ભાગ્ય ખીલ્યા અમ આજ, માત પધારોને. આવો..
*ધીર-ગંભીર દેવરાજ, અમ ઘેર આવો રે;
બહુ દિનથી જોઉં વાટ માત પધારોને. આવો...
*શાંત, શીતળ, સુખધામ, અમ ઘેર આવો રે;
મારા કોડ પૂરાં થાય, માત પધારોને. આવો...
*અહો ! વિદેહવાસી સંત, અમ ઘેર આવો રે;
અહો ! ભાવિના ગણધર, માત પધારોને. આવો...



પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

*અહો ! તેજ દુલારી માત, અમ ઘેર આવો રે;
તારા શા કરું સન્માન? માત પધારોને. આવો...
*પ્રશમ રસધારી સંત, અમ ઘેર આવો રે;
ભક્તિભાવથી આજ, માત પધારોને. આવો.....
*અહો ! ધ્રુવનું ધ્યાન ધરનાર, અમ ઘેર આવો રે;
અહો! સાધના છે અદ્‌ભુત, માત પધારોને. આવો...
*અહો ! સમ્યગ્જ્ઞાની સંત, અમ ઘેર આવો રે;
અપૂર્વ અજોડ ગુરુ ભક્ત, માત પધારોને. આવો...







ક્ષમાપના

ક્ષમા કરજો, ક્ષમા કરજો, ક્ષમા કરજો રે;
અપરાધ કંઈ પણ જે થયા, ક્ષમા કરજો રે...

વીતરાગી દેવનું શરણ ને, જિનવાણીનું શ્રવણ;
મુનિરાજનું હો સ્મરણ, તો કેમ થાય ભવભ્રમણ... ક્ષમા કરજો... (૧)

આતમજ્ઞાન દાતા ગુરુવર, અમારા કહાન;
સમયસાર સમજાવી, ઉતાર્યાં ભવથી પાર... ક્ષમા કરજો... (૨)

અનુપમ ભાગ્યે મળ્યા, આ કાળે ભગવતી માત;
વૈરાગ્ય ગુણ ગંભીરા, ક્ષમા તણા ભંડાર... ક્ષમા કરજો... (૩)







દેવ શાસ્ત્ર ગુરુ

સ્વરૂપ સાધક ધર્માત્મા, કદી ન જીવનમાં ભૂલાય;
નિશ્રા સદાય અમને હો, એ માગુ તુજ પાસ... ક્ષમા કરજો... (૪)

આતમ આરાધના ને, સ્વભાવની સાધના;
ઉલ્લસિત ભાવે કરીને, પહોંચીએ મોક્ષ દ્વાર... ક્ષમા કરજો... (૫)

શ્રદ્ધામાં હો દ્રઢતા ને, જ્ઞાનમાં હો વિવેક;
ચારિત્રમાં સ્થિરતા લાવીને, રચીએ નિર્મળ ભાવ... ક્ષમા કરજો... (૬)

સાધર્મી સહુ આત્માર્થી, ધરજો ક્ષમા ભાવ;
જાણ્યે-અજાણ્યે દોષની, દેજો ક્ષમા આજ... ક્ષમા કરજો... (૭)









જ્ઞાની ધર્માત્મા

ઉપકારી ધર્માત્મા જય હોજો, આપની કરુણાનો નહીં પાર... (ઉપકારી ...૧)

અમ આંગણે અહો ! બિરાજીયા રે, અમને પાવન કર્યાં છે આજ...(ઉપકારી ...૨)

ભેદજ્ઞાન ધારાએ શોભતા રે, સ્વરૂપ સાધના દિન ને રાત... (ઉપકારી ...૩)

તુજ વાણી અમૃતની ધારા રે, ભવ્યોને બતાવે મોક્ષ રાહ...(ઉપકારી ...૪)

અનંત ગુણ સાગર અપાર છો રે, તે કેમ કરીને ગવાય...(ઉપકારી ...૫)

તુજ પગલે પગલે સહુ ચાલીએ રે, અલ્પ કાળે પહોંચીએ તુજ પાસ...(ઉપકારી ... ૬)

મીઠાં અંતરના આશિષ આપજો રે, ભક્તો મળીને કરે કલ્યાણ... (ઉપકારી ... ૭)

દોષ અપરાધ કંઈપણ જે થયા રે, કરજો ક્ષમા જાણી અલ્પ બાળ... ઉપકારી ...(૮)